Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

તન સારૂં હોય તો મન સારૂં થાય
મન સારૂં હોય તો તન સારૂં થાય
ચારિત્ર સારૂં હોય તો બધુંજ સારૂં થાય

*


પુસ્તક : ૮૬
અંક : ૨

માગશર
ડીસેમ્બર
૧૯૮૮

આત્મ સંવત ૯૪
વીર સંવત ૨૫૧૪
વિક્રમ સંવત ૨૦૪૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃ |
|---|---|---|---|
| ૧ | ગુજરાતની સંસ્કાર–ગંગોત્રી સમા યુગપુરુષ : કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય | પં. શીલચન્દ્રવિજયજી ગણી મ. સા. | ૨૧ |
| ૨ | હેમચંદ્રાર્યની સાહિત્ય સાધના | શ્રી કુમારપાળ દેસાઇ | ૨૫ |
| ૩ | કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ સાહેબ | સંકલન : શ્રી હીરાલાલ બી. શાહ | ૨૮ |
| ૪ | શ્રી વિશ્વજ્યોતિર્ધરને ચરણે વંદન હો | પ. પૂ. સાધ્વીજીશ્રી પૂર્ણભદ્રાશ્રીજી | ૩૧ |
| ૫ | કચ્છમાં યોજાયેલ જૈન સાહિત્ય અને સંસ્કારનું પર્વ. | — | ૩૨ |
| ૬ | બહિરાત્મ ભાવ | શ્રી રતિલાલ માણેકચંદ શાહ | ૩૪ |
| ૭ | જૈનમ્ જયતિ શાસનમ્ | શ્રી રમેશ લાલજી ગાલા | ૩૬ |


-: સભાના નવા આજીવન સભ્ય :-

## શ્રી ચન્દ્રકાન્તભાઈ કે. શાહ—મુંબઇ

-: યાત્રા પ્રવાસ :-

સંવત ૨૦૪૫ના માગશર વદી નોમ તા. ૧–૧–૮૯ની ઘોઘા તીર્થની યાત્રા બદલીને માગશર વદી બીજ તા. ૨૫–૧૨–૮૮ને રવીવાર ના રોજ ઘોઘા તીર્થે યાત્રા કરવા જવાનુ છે. તો સભાના સભ્યોને માગશર વદી બીજ તા. ૨૫–૧૨–૮૮ ના રવીવારે સવારના પધારવા આમંત્રણ છે.

—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# સ્વર્ગવાસ નોંધ

શ્રી વિનયચંદ હરજીવનદાસ શાહ સંવત ૨૦૪૫ના માગશર શુદ ૮ ને શુક્રવાર તારીખ ૧૬–૧૨–૮૮ના ભાવનગર મુકામે સ્વર્ગવાસી થએલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબ પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરી તેમના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા વતી—અરવીંદભાઇ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૬ ] * વિ. સં. ૨૦૪૫ માગશર–ડીસે.–૮૮ * [ અંક : ૨


# ગુજરાતની સંસ્કાર-ગંગોત્રી સમા યુગપુરુષ: કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય

પં. શીલચન્દ્રવિજયજી ગણી મ. સાહેબ

હેમચન્દ્રાચાર્ય એક મહાન ગુજરાતી. એક મહાન સાધુ, એક મહાન વિદ્વાન એક મહાન સંસ્કારપુરૂષ.

હેમચન્દ્રાચાર્ય: એક મહાન સર્જક: ગુજરાતી ભાષાના, ગુજરાતની સંસ્કારિતાના, ગુજરાતની અસ્મિતાના.

એક વીતરાગી નિઃસપૃહ શિરોમણી ફક્કડ સાધુ પણ એક આખીયે પ્રજાના સંસ્કારપિંડનું, નૈતિક અને સાહિત્યિક સરુચિતંત્રનું ઘડતર કેવી રીતે કરી શકે છે. તેનો, ગુજરાતને અને કદાચ સમગ્ર ભારતવર્ષને લાગેવળગે છે ત્યાં સુધી હેમચન્દ્રાચાર્ય સમો બીજો દાખલો મળવો દોહ્યલો છે. આ અર્થમાં હેમચન્દ્રાચાર્ય વસ્તુતઃ યુગપુરૂષ બની રહ્યા હતા.

આધ્યાત્મિકતાનો સંબંધ વ્યક્તિ સાથે છે, તો નૈતિક મૂલ્યોનો અનુબંધ સમગ્ર સમાજ સાથે હોય છે. સમાજચેતનાના પ્રાણમાં નૈતિકતાનું તત્વ સિંચવું, અને યુગોના યુગો સુધી એ સમાજને ઉન્નત રાખી શકે તે રીતે સિંચવું, અને છતાં પોતાની વૈયક્તિક અધ્યાત્મ સાધનાના પવિત્ર ધ્યેયમાં મસ્ત–મગ્ન બન્યા રહેવું. આ કામ માત્ર યુગપુરૂષથીજ, દેશ અને કાળ ઉપર પોતાનું સંપૂર્ણ અને તે પણ પ્રેમભર્યું આધિપત્ય સ્થાપી શકનાર યુગપુરૂષથી જ બની શકે. હેમચન્દ્રાચાર્યને આ સંદર્ભમાં મુલવીએ તોજ ગુજરાત પરના તેમના ઋણભારનો અંદાજ આવી શકે.

હેમચન્દ્રાચાર્ય ગુર્જરગિરાની આદ્ય ગંગોત્રી સમા મહાપુરૂષ હતા. આજે ગુજરાતમાં બોલાતી ગુજરાતી બોલીનો પહેલો પાયો એમણે નાખ્યો છે, એ હકીકત એક ઐતિહાસિક તથ્ય છે. હેમચન્દ્રાચાર્ય પૂર્વેનું ગુજરાત એ ભાષાની તેમજ સંસ્કારની દ્રષ્ટિએ દરિદ્ર અને કંગાળ ગણાતુ ગુર્જરરાષ્ટ્ર હતું. એની પાસે એનું પોતીકું કહી શકાય તેવું સાહિત્ય ન હતું કે ભાષાનું પોત પણ નહતું. બલ્કે આ બાબતે એ સંપૂર્ણતઃ પરોપજીવી રાષ્ટ્ર હતું. તો સંસ્કાર વારસાની દ્રષ્ટિએ ગુજરાતની પ્રજા પાસે એની પોતીકી અને જગતના ચોકમાં ઉન્નત મસ્તકે ઊભી રહી શકે તેવી કોઇ સભ્યતા કે અસ્મિતા પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહોતી અણઘડ રત્નપાષાણ જેવી એની સ્થિતિ અને કક્ષા હતી. એ રાહ જોતી હતી કોઇક ઝવેરીની: જે એને પારખે અને પાસા પાડે.

એને ઝવેરી મળ્યા હેમચન્દ્રાચાર્યના સ્વરૂપે. એમણે ગુજરાતને ગુજરાતની પ્રજાને, પ્રજાની સંસ્કાર સમૃદ્ધિને અને નૈતિકતાને ઘડી, પાસા પાડ્યા, એના ઝંખવાયેલા ઓજને પાણીને બહાર આણ્યું, એની ચમકને અનાવૃત કરી અને આખુ જગત એની સામે નીરખ્યા જ કરે એવા અનુપમ સૌન્દર્યથી એને સંસ્કારી આપી.

એકબાજુ એમણે સાહિત્ય સર્જનનો જ્ઞાનયજ્ઞ આરંભ્યો. પાણિનિ અને પતંજલિ, ઇન્દ્ર અને શાકટાયન અને કાત્યાયન આ બધા વૈયાકરણોનો જાણે કે એ પૂર્ણાવતાર બન્યા અને એમણે સિદ્ધહેમ શબ્દાનુશાસન આપ્યું. પાણિનીય વ્યાકરણનું કાવ્ય ભટ્ટીકવિએ આપેલું, અહીં હેમાચાર્યે જ એ કામ કરી લીધું, અને 'એક પંથ દો કાજ' ની જેમ દ્વયાશ્રય મહાકાવ્ય વાટે એમણે વ્યાકરણને અનુસરતું અને વળી સોલંકી–ચૌલુક્ય વંશના સમગ્ર ઇતિહાસને સુઘડ રીતે વણી લેતું મહાકાવ્ય આપ્યું. બીજે નામાલિંગાનુશાસન (શબ્દકોશ) માટે અમરસિંહના અમરકોષનો આશરો લેવાતો હતો, અહિ એ ન્યૂનતાની પૂર્તિ માટે એમણે અભિધાનચિંતામણિકોષ અને લિંગાનુશાસનની રચના કરી. એક ડગલું આગળ વધીને એમણે દેશીનામમાળા પણ રચી, જે આવનારા સૈકાઓની ગુજરાતી ભાષા માટે પાયાના પત્થર સમી બની રહેવાની હતી. ભગવાન વ્યાસે મહાભારત અને પુરાણો આપ્યા હતા, અહીં હેમાચાર્યે ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર મહાકાવ્ય આપ્યું, જે એક બાજુ પૌરાણિક સાહિત્યની ન્યૂનતાની પૂર્તિરૂપ હતું, તો બીજી બાજુ કાલિદાસ, માઘ, ભારવિ અને શ્રીહર્ષના મહાકાવ્યોની પણ હરોળમાં ઊભુ રહી શકે તેના કાવ્ય સાહિત્યરૂપ પણ હતું. મમ્મટના કાવ્યપ્રકાશની સામે એમણે કાવ્યાનુશાસન આપ્યું અને છંદોનુશાસન પણ નિર્મ્યું. બૌદ્ધ આચાર્ય માતૃચેટના સ્તોત્રોની સ્પર્ધા કરે તેવું સ્તોત્ર સાહિત્ય સર્જ્યું. સિદ્ધસેન દિવાકર અને હરિભદ્રસૂરિની યશોજજ્વલ તર્કપરંપરામાં સ્થાન લઇ શકવા સક્ષમ એવું વાદાનુશાસન પણ તેમણે આપ્યું. અને છેલ્લે, યોગગ્રંથોના સમુદ્રનું મંથન કરીને મેળવેલા અમૃતકુંપા જેવું યોગશાસ્ત્ર આપીને ભગવાન પતંજલિની ખોટ પણ તેમણે પૂરી આપી. તેમણે શું નથી આપ્યું ? ગુજરાતને, ગુજરાતના સાહિત્યને, ગુજરાતની અસ્મિતાને તેમણે ખોબલે ખોબલે આપ્યું છે. અક્ષય અને અમર. એમ જનશ્રુતિ છે કે એક લીંબુ હાથમાં લઇને ઊંચે ઊછાળવામાં આવે તે ઉછળે ને પાછું હાથમાં આવે એટલા સમયમાં હેમાચાર્ય છ નવા શ્લોકોની રચના કરી લેતા. સેંકડો લહિયાઓ હારબદ્ધ બેઠા હોય, અને લહિયાઓની જુદી જુદી શ્રેણિ જુદા જુદા વિષયના ગ્રંથો લખ્યે જતી હોય. ત્યારે હેમાચાર્ય ક્રમશઃ એક પછી એક શ્રેણિની સમીપે જાય, જે શ્રેણિ જે વિષયનો ગ્રંથ લખતી હોય તેને તે વિષયના શ્લોકો કે પાઠ બોલી સંભળાવે, તે લોકો તેટલું યાદરાખીને લખતા થાય ત્યાં તો બીજી શ્રેણિ, ત્રીજી શ્રેણિ એમ દરેકની પાસે જઇ, તે તે વિષયનો પાઠ મનોમન નિર્મતો જાય તેમ બોલતા જાય અને પેલાઓ લખ્યે જ જાય. બધી શ્રેણિઓ પાસે ફરીને પાછા પહેલી શ્રેણિ જ પાસે જ પહોંચે ત્યારે તે લોકો માંડ પુરૂ લખી રહ્યા હોય, અને તે પુરૂ થયે તરત જ તે વિષયનું સંધાન આગળ લંબાવાય.

જ્ઞાનયજ્ઞ શું ? તેનો આછો અંદાજ આપવા માટે આટલી હકીકત પર્યાપ્ત છે.

તો બીજી તરફ, સિદ્ધરાજ જયસિંહ અને પરમાર્હત કુમારપાળ એમ બે બે સોલંકી અને વિક્રમી રાજાઓના શાસનકાળને આવરી લેતા વિશાળ સમયપટ ઉપર પોતાની જવલંત કારકિર્દી પાથરનાર હેમચન્દ્રાચાર્યે, રાજા અને પ્રજાના સંસ્કાર વારસાને નિર્માણ કરવામાં ઘડવામાં, પુષ્ટ અને પલ્લવિત કરવામાં, ઓજસ્વી અને પ્રબળ બનાવવામાં ક્યાંય ક્યારેય પાછું વાળીને જોયું નથી.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરહિત તે ધર્મ અને પરપીડન તે અધર્મ આ છે. જીવનધર્મનો પાયો. હેમચન્દ્રાચાર્યે આ પાયો રાજા પ્રજાના હૈયામાં યોગ્ય રીતે નાખ્યો. જીવદયા પાળવી તે એમની ધર્મવ્યાખ્યાનું પહેલું ચરણ હતું. વ્યસન મુક્તિએ એનું બીજુ ચરણ હતું માસ-મદ્ય નિષે એ કેટલાક પરપીડન પ્રેમીઓને કે નૈતિક મૂલ્યોની મહત્તા ન સમજનારાને વેવલાવેડા જેવો કે સાંપ્રદાયિકતાના આગ્રહ જેવો તે વખતે પણ જણાતો હતો, આજે પણ જણાય છે. આજના આ ગુજરાતના શાસકકક્ષાના અમુક લોકો તો ઊઘાડે છોગે બોલતા થયા છે કે માંસાહાર મત્સ્યાહાર નિષેધ એ તો મધ્યયુગના વહેમ અને અંધશ્રદ્ધા છે. હવેના વિજ્ઞાનયુગમાં એવા વહેમો ન ચાલી શકે.

પણ ગુજરાતની પ્રજાના લોહીમાં અહિંસા, જીવદયા, વ્યસનમુક્તિ સ્વસ્થ જીવન, માનવતા, પરગજુ મનોવૃત્તિ, પાપાચારથી ભય, ધર્મસહિષ્ણુતા વગેરે ઉમદા અને સ્પૃહણીય તત્વોનો જો પ્રવેશ અને ચિરનિવાસ થઇ શકયો હોય તો તે હેમચન્દ્રાચાર્યનો જ પ્રભાવ અને પુરૂષાર્થ છે. એમાં લેશ પણ શંકાને સ્થાન નથી.

ગઇ કાલ સુધી ગુજરાતની પ્રજાએ આ સંસ્કાર સમૃદ્ધિને જાળવી રાખી હતી. અહીં એક બાજુ ગામે ગામે પાંજરાપોળો હતી. જીવાતખાના હતા. તો બીજી બાજુ કોમી એખલાસ પણ મોંમાં આંગળા નાંખાવે તેવો અનુપમ હતો. દારૂ-મદિરા તરફ ભારોભાર ધૃણા હતી, તો મહાજનો અને મોટેરા સામે છાકટા થવામાં પણ નાનપ અનુભવાતી હતી. એકાદ મૂંગા મરતાં જીવને બચાવવા માટે પ્રાણાર્પણની તત્પરતા હતી, તો સમયનો સાદ પડયે દેશ રાજ્યના ને પ્રજાના રક્ષણ માટે મરી ફીટવાની જિગર પણ જોવા મળતી. આ બધીયે પરિસ્થિતિનું મૂળ શોધવું હોય તો તે માટે આપણે ૯૦૦ વર્ષ ઓળંગવા પડે. ત્યારે આપણને દેખાય એક તેજ છલકતો સંસ્કાર નીતરતો પ્રેમના જાદુથી પારકાંને પણ પોતીકાં બનાવતો વીતરાગી યુગપુરુષઃ ઘડીકમાં કવિ-પંડિતોનાં માન મુકાવતો હોય, ઘડીકમાં પ્રજાને ધર્મસહિષ્ણુતાના પાઠ પઢાવતો હોય, કયારેક સંસ્કારિતાની વહેણમાં રુકાવટ કરવાના કે કચરો નાખવાના પ્રયત્નોને પ્રેમથી અટકાવતો હોય તો કયારેક આત્મસાધનાની અનોખી અમીરીમાં ન્હાતો હોય. એ યુગપુરુષ હેમચન્દ્રાચાર્યે આપેલો અદભુત સંસ્કાર વારસો હજી ગઇકાલ સુધી આ ગુજરાતને, ગાંડી અને ગરવી ગુજરાતને જગતનિરાળી ગરવાઇ અને નરવાઇ સમર્પતો જળહળી રહ્યો હતો, એ વારસો આજે જે ઝડપથી લુપ્ત થઇ રહ્યો છે તે ચિંતા પ્રેરે તેવું છે. આજે, ૯૦૦ વર્ષ પછી, માટે જ, એ યુગપુરુષને અને એણે આપેલા વારસાને ફરી ફરીને યાદ કરવાની, તાજો કરાવવાની અને વાગોળવાની જરૂર ઉભી થઇ છે, અને એમને યાદ કરવાનું સબળ નિમિત્ત પણ એમની નવસોમી જન્મજયંતિના રૂપે- હાથવગું આવી લાગ્યું છે.

આજથી બરાબર નવસો વર્ષ પૂર્વે, વિ. સં. ૧૧૪૫ના કાર્તક શુદિ પૂનમે આ યુગપુરુષનો જન્મ ધંધુક (ધંધુકા)ના એક મોઢ જ્ઞાતિય જૈન પરિવારમાં થયો. પિતાનું નામ ચાચિગ, માતાનું નામ પાહિણી. પાહિણીમાતાને સ્વપ્નું લાધ્યું: એમાં એણે આંબો જોયો- રોપેલો. પણ પોતે એ આંબાને ત્યાંથી ઉખેડીને અન્યત્ર રોપ્યો, અને પછી એ ખૂબ ખૂબ ફળ્યો.

આ સ્વપ્નનું મનગમતુ ફળ તે હેમચન્દ્રાચાર્ય. ચાંગદેવ તરીકે તેઓ પાહિણીની કુખે જન્મ્યા અને તેમની પાંચ વરસની ઉંમરે જ, ગુરૂવંદને મા સાથે ગયેલા ત્યારે ખાલી પડેલા ગુરૂના આસન ઉપર તેઓ ચડી બેઠા, તે જોઇને વિહ્વળ બનેલી માતાને ગુરૂ દેવચન્દ્રસૂરિએ પેલું સ્વપ્નું યાદ દેવરાવ્યું. અને આ બાળક પોતાને સોંપી દેવાની માંગણી મૂકી. માએ સ્વપ્નાનો અર્થ યાદ કર્યો. આંબો ઉગ્યો ભલે મારે આંગણે, પણ તેને મારા હાથે હું જ બીજે રોપીશ તો જ તે ફળશે, અન્યથા નહિ. તેણે સ્વયંભૂ નિર્ણય લીધો, અને પોતાના લાડક-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાચાને ગુરૂચરણે સમર્પી દીધો. હેમચન્દ્રાચાર્ય જરૂર મહાન, પણ એમને મહાન બનાવવા કાજે પોતાના હૈયાના ટુકડા સમો દીકરો અને તે પરની મમતાનો ત્યાગ કરનારી માતા તો તેથીયે મહાન, એમાં સંદેહ કેમ થાય?

બાલ ચાંગાને ગુરૂએ કર્ણાવતી આજનું અમદાવાદ માં વસતા શ્રાવક ઉદયન મહેતાને સોંપ્યો. તેણે તેનું સંસ્કાર વાવેતર કર્યું. નવ વર્ષે, સંવત ૧૧૫૪માં ગુરૂએ તેને સ્તંભતીર્થ ખંભાતમાં દીક્ષા આપી, તેનું ઘડતર આદર્યું. ચાંગદેવમાંથી મુનિ સોમચન્દ્ર બનેલા એ પુણ્યાત્માએ જ્ઞાન અને ચારિત્રની એવી પ્રગાઢ અને અપ્રતિમ સાધના કરી કે તેથી રીઝેલા ગુરૂએ ફક્ત એકવીસ વર્ષની વયે, સંવંત ૧૧૬૬ ના અક્ષયતૃતીયાના પુણ્યદિને તેમને આચાર્યપદે સ્થાપ્યા અને હેમચન્દ્રાચાર્ય નામ આપ્યું.

આ પછીનો લગભગ ચોંસઠ વર્ષનો સુદીર્ઘ સમયગાળો તે તેમની યુગપુરુષ તરીકેની જ્વલંત દીપ્તિમંત કારકિર્દીનો ગાળો રહ્યો. આ ગાળામાં તેમણે સારસ્વતમંત્ર સાધ્યો, લાખો શ્લોકોનું સાહિત્ય રચ્યું. રામચંદ્ર અને ગુણચંદ્ર જેવા પ્રકાંડ પંડિત શિષ્યો મેળવ્યા અને કેળવ્યા, બે બે રાજાઓને બોધ આપીને રાજા-પ્રજાની પ્રીતિ પ્રાપ્ત કરી, અવસરે રાજાનો રોષ વહોરીને પણ માનવતાના ધર્મના પ્રેર્યા કુમારપાળને ઉગાર્યો, ગુજરાતને સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસો આપ્યો, ધાર્મિક સહિષ્ણુતા અને ઉદારતાના ઉચ્ચ આદર્શોનું આ પ્રજાને ગળથૂથીમાં વાવેતર કર્યું. અને આવા તો અસંખ્ય ધ્યેયો સિદ્ધ કર્યા.

અને આવી લોકોત્તર કહી શકાય તેવી જાજરમાન કારકિર્દીના છેડે વિ. સં. ૧૨૨૯માં તેમણે ઇચ્છામૃત્યુ સમા સમાધિમય મૃત્યુ દ્વારા દેહનો ત્યાગ કર્યો.

આ સંસ્કારપુરુષ, પ્રજ્ઞાપુરુષ અને યુગપુરુષના આદર્શો અને સંસ્કારોને તેમની નવમી જન્મ શતાબ્દીના આ પાવન અવસરે યાદ કરીએ; અને આપણા હાથે નષ્ટ થઇ રહેલા તેમના અહિંસાના અને ધર્મસહિષ્ણુતાના વારસાને પુનઃ જીવિત કરવા પ્રયત્ન કરીએ.

*

## આજ્ઞા એટલે સ્વચ્છંદનો પરિત્યાગ.

ઇચ્છા સ્વાતંત્ર્ય એ જીવમાત્રનો પ્રથમ ગુણ છે. તે સ્વાતંત્ર્યનો ઊપયોગ, જ્યાં સુધી સ્વમતિને અનુસરવામાં થાય છે, ત્યાં સુધી સંસાર છે. અર્થાત જીવનું સંસાર ભ્રમણ ચાલુ રહે છે. અને તેનો ઊપયોગ આજ્ઞા એટલે સર્વજ્ઞ મતિને અનુસરવામાં થાય, તે જ મોક્ષ છે. તેથી આજ્ઞા એ જ સંયમ, આજ્ઞા એજ તપ અને આજ્ઞા એજ ત્યાગ છે, અને આજ્ઞા એજ મોક્ષ છે.

' आ समन्तात् ज्ञायते अनेन इति आत्मा ।

અર્થાત—વસ્તુનું યથાર્થ જ્ઞાન, જેનાથી થાય તે આજ્ઞા. અર્થાત્—સર્વજ્ઞ વચનને બરાબર અનુસરવું ' તે ધર્મ છે, તેનાથી નિરપેક્ષ વર્તન તે સ્વચ્છંદ છે અને તે જ સંસાર છે.

મોક્ષની ઇચ્છા એટલે આજ્ઞાપાલનનો અધ્યવસાય. આજ્ઞા પાલનનો અધ્યવસાય એ સ્વચ્છંદતાથી મુક્તિ અપાવે છે અને એ મુક્તિ જ પરંપરાએ સકળ કર્મ મુક્તિનું કારણ બને છે.

નમસ્કારની પરિણુતિ વિના મોક્ષ નથી, કારણકે તેના સિવાય આજ્ઞા પાલનનો અધ્યવસાય ખરેખર પ્રગટતો નથી.

પૂ. ભદ્રંકરવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હેમચંદ્રાચાર્યની સાહિત્ય સાધના

લે. શ્રી કુમારપાળ દેસાઈ

ક્ષિતિજના ઓવારે પ્રગટેલા સહસ્રરશ્મિના તેજ-બિંબમાંથી ફુટતાં કિરણો એક સાથે જન અને વન, માનવ અને મકાન એમ સર્વને સર્વ દિશાએથી અજવાળે છે તેજ રીતે કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના વિરાટ પ્રતિભાપુંજમાંથી પ્રગટતી તેજસરવાણીઓએ સમકાલીન પ્રજાજીવનનાં સર્વ અંગોને પ્રકાશિત કર્યાં છે. ગુજરાતી ભાષાનું પ્રતભા કવિકાળ-સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યથી ઊઘડે છે. ગુજરાતની અસ્મિતાના એ પ્રથમ છડીદાર. ભારતભરના સારસ્વત દિગ્ગજોની પંક્તિમાં સ્થાન ધરાવે તેવા ગુજરાતી વિદ્વત્તાનો અપ્રતિમ માનદંડ હેમચંદ્રાચાર્યથી સ્થપાય છે. સોલંકીયુગની વિદ્વત્તા, રાજસત્તા, લોકવ્યવહાર, જનજીવન, ભાષા, સાહિત્ય, સભ્યતા અને સંસ્કારિતા—આ બધાં જ ક્ષેત્રો એમની વિશાળ પ્રતિભાના તેજથી છવાઇ ગયાં હતાં. આથી સવાલ એ જાગે છે કે એમને જયોતિર્ધર કહેવા કે યુગ–પ્રવર્તક ગણવા ? મહાસમર્થ સારસ્વત કહેવા કે જીવનકલાધર કહેવા ? સમન્વયદૃષ્ટિ ધરાવતા મહાન આચાર્ય ગણવા કે પછી ભરપુર ગુજરાતી પ્રજાની સુતેલી અસ્મિતાને જગાડનારા લોકનાયક કહેવા ?

ડૉ. પિટર્સને એમના જીવનકાર્ય વિશે આશ્ચર્ય વ્યકત કરતાં હેમચંદ્રાચાર્યને જ્ઞાનનો મહાસાગર (Ocean of knowledge)[1] કહ્યા હતા. પં. બેચરદાસ દોશી એમના અગાધ પાંડિત્ય-પૂર્ણ વ્યકિતત્વને "જીવંત શબ્દકોશ"[2] કહીને અંજલિ આપે છે. તો મુનિ પુણ્યવિજયજી એમની સર્વધર્મસમભાવ અને અનેકાંત દૃષ્ટિને જોઇને તેમને "સ્યાદ્વાદવિજ્ઞાનમૂર્તિ"[3] તરીકે ઓળખાવે છે. કનૈયાલાલ મુનશી અને ધૂમકેતુ જેવા ગુજરાતના પ્રથમ પંક્તિના સર્જકોએ પણ એમની સાહિત્યોપાસનાને ભવ્ય અંજલિ અર્પી છે. શ્રી કનૈયાલાલ મુનશી હેમચંદ્રાચાર્યની "ગુજરાતના સાહિત્ય–સ્વામીઓના શિરોમણિ ગુજરાતની અસ્મિતાનો પાયો નાખનાર જયોતિર્ધર"[4] તરીકે ઓળખ આપે છે. જ્યારે હેમચંદ્રાચાર્યના ચરિત્રકાર શ્રી ધુમકેતુ એમને "હરકોઇ જમાનાના મહાપુરૂષ"[5] તરીકે આદર આપે છે. કેટલાકે હેમચંદ્રાચાર્યને સિદ્ધસેન, દિવાકર અને આર્ય સુહસ્તિના અનુગામી તરીકે જોયા છે, તો કોઇએ એમની સાહિત્યસેવાને અનુલક્ષીને બીજા પંતજલિ, પાણિનિ, મમ્મટ, પિંગલાચાર્ય, ભટ્ટિ કે અમરસિંહ કોશકાર તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કર્યો છે. જુદા જુદા ક્ષેત્રની એમની સિદ્ધિને માટે એમણે જુદાં જુદાં વિશેષણો પ્રયોજ્યાં છે. છેવટે કળિકાળસર્વજ્ઞ કહીને આ એક વિશેષણમાં બધાં વિશેષણોનો સમાવેશ કરવામાં આવ્યો. જોકે દીવાન બહાદુર કૃષ્ણલાલ મો. ઝવેરી તો કહે છે કે કળિકાળસર્વજ્ઞ કરતાં પણ વધુ ઉચ્ચતા દર્શાવતું વિશેષણ વાપરો તોપણ તેમાં સહેજે અતિશયોકિત કહેવાશે નહિ[6]

ગુજરાતના સંસ્કારજીવન પર નજર કરીએ તો સાહિત્ય, સમાજ, દેશ, સંસ્કાર કે સાધુતાના ક્ષેત્રમાં વ્યાપી જતી એમની તોલે આવે તેવી બીજી કોઇ વિભૂતિ જોવા મળતી નથી. સાંપ્રદાયિકતાની સંકીર્ણ દીવાલોને ઓળંગીને તેઓ પોતાના સંયમ, સાહિત્ય અને સાધુતાના બળે ગુજરાતના સંસ્કારસ્વામી પરમ સારસ્વત અને સન્માનનીય રાજગુરુ તરીકે મોખરે રહ્યા. એમણે જીવનધર્મ ઉપરાંત લોકધર્મ, રાજધર્મ, અને યુદ્ધધર્મની રાજા અને પ્રજાને યોગ્ય સમજ આપી. નિર્લેપ સાધુ હોવા છતાં તેઓ વ્યવહારદક્ષ રહ્યા હતા. વસ્તુતઃ તેઓ વ્યવહારદક્ષ વિદ્વદ્વર્ય હતા. એમની વિદ્વત્તા માત્ર પોથીપુરાણમાં બદ્ધ નહોતી. તેનાથી એમણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રજાકીય અસ્મિતાનો ઉત્કર્ષ સાધ્યો હતો. કોઈ પદ કે મોભાની પરવા કર્યા વગર ગુર્જર સંસ્કૃતિના પાયામાં શ્રી અને સરસ્વતીની સ્થાપના કરી બતાવવ મથતો અક્ષરપુરુષાર્થ તેમણે જિંદગીભર અવિરત સાધ્યો હતો. ગુર્જર દેશના રાજા અને પ્રજા ઉભયના સંસ્કારનિર્માતા, નિઃસ્પૃહી સાધુ, સમ્યધર્મી કુશળ રાજનીતિજ્ઞ અને ગહન અધ્યાત્મયોગના ઊર્ધ્વગામી યાત્રિક પણ હતા. પ્રશ્ન એ થાય કે કયે સમયે એમણે જીવનમાં કયુ કાર્ય કર્યું હશે. સાધુતાના આચારો સાચવીને કઇ રીતે જાહેરજીવનની આટલી બધી પ્રેરક પ્રવૃત્તિ કરી હશે ? અશોકના શિલાલેખમાં કોતરાયેલ અહિંસાની ભાવનાનો છોડ એમણે કઇ રીતે ગુર્જરભૂમિમાં વાવીને ઉગાડયો હશે ? આટલાં વિભિન્ન ક્ષેત્રોમાં સાતેક દાયકા જેટલા દીર્ઘકાળ સુધી એમના જેવું ભગીરથ અને ચિરંજીવ કાર્ય કરનાર અન્ય કોઇ વિભૂતિ મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસમાં મળવી મુશ્કેલ છે. બહુમુખી પ્રતિભાવાળા તેમના આ વિરાટ વ્યકિત્વને કારણે ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના આ સુવર્ણયુગને "હેમયુગ"[૭] ગણવામાં આવે છે. ગુર્જરસંસ્કૃતિના બે મુખ્ય પાયા અહિંસા અને અનેકાંત સિદ્ધાન્તને હેમચંદ્રાચાર્ય દૃઢમૂલ કરી આપે છે. અર્વાચીન કાળમાં ગાંધીજીએ તેનો જીવનનાં તમામ ક્ષેત્રોમાં પ્રયોગ કરી બતાવ્યો તે જોતા હેમચંદ્રાચાર્યના જીવનકાર્યનું સાતત્ય ગાંધીજીમાં દેખાય.

હેમચંદ્રાચાર્યના સાહિત્યમાંનું વિષયવૈવિધ્ય આશ્ચર્યકારક લાગે છે. કાવ્ય, ન્યાય, કોશ, યોગ, છંદ અલંકાર, ઇતિહાસ, પુરાણ અને વ્યાકરણ–એમ અનેક વિષયો પર એમણે શાસ્રીય પાંડિત્યપૂર્ણ ગ્રંથોની રચના કરી છે. આ ગ્રંથોમાંથી એ પણ ખ્યાલ આવે છે કે તેઓ મંત્ર, તંત્ર, શિલ્પ, વૈદક યંત્ર અને જ્યોતિષ, યુદ્ધશાસ્ર, વનસ્પતિવિદ્યા, સામુદ્રિકશાસ્ર, રસાયણશાસ્ર, રત્નવિદ્યા વગેરે વિદ્યાઓના પણ જ્ઞાતા હતા. એમનું સમગ્ર લેખનકાર્ય જોતાં એમ લાગે છે. કે ગહન ચિંતનશીલતા, અપ્રતિમ સર્જકતા અને મર્મગામી ભાવયિત્રી પ્રતિભા વિના આટલું વિપુલ અને સત્વશીલ સાહિત્ય એક વ્યકિતના જીવનકાળ દરમિયાન સર્જાવું લગભગ અશકય છે. વિદ્યાભ્યાસ, વિચારોની વિશદતા જાળવીને વિષયની સચોટ અને સાંગોપાંગ ચર્ચા થાય તેવી ઓજસ્વી આલેખનરીતિનું આયોજન એમણે કરેલી ગ્રંથરચનામાં સામાન્યતયા જોવા મળે છે.

સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત, અપભ્રંશ અને દેશ્ય ભાષાના વાઙ્મયમાં પણ એમની લેખિનીએ સહજ વિહાર કરેલો છે. એમનું પ્રાકૃત વ્યાકરણ તો સમગ્ર ભારતીય વાઙ્મયમાં એ વિષયની અપૂર્વ અને અનન્ય ગ્રંથ તરીકે આદર પામ્યું છે. તેમણે એમાં બધા પ્રકારની પ્રાકૃતને લગતું વ્યાકરણ આપ્યું. તેમણે સ્વરચિત કૃતિઓ પર વિસ્તૃત સ્વોપજ્ઞ ટીકા લખી છે. લુપ્ત થયેલા સાહિત્યમાંથી અનેક અવતરણો ટાંકીને એમણે લોકસાહિત્યની હૃદયસ્પર્શિતાનો સર્વપ્રથમ સંકેત આપ્યો. અનુગામીઓને માટે ગહન વિષયને સુગમ રીતે આયોજનબદ્ધ પદ્ધતિએ આલેખવાનો આદર્શ તેમણે પૂરો પાડયો એમ કહી શકાય. તેમની આ ખાસિયત વિશદ ભાષા, પ્રાસાદિક શૈલી અને વિષયનો સર્વગ્રાહી પરિચય આપતા મીમાંસાગ્રંથોમાં ખાસ ધ્યાન ખેંચે છે. 'સિદ્ધહેમ શબ્દાનુશાશન', 'દ્વયાશ્રય' મહાકાવ્ય કે 'ત્રિષષ્ઠિશલાકા પુરુષચરિત' જેવા વિશાળકાય ગ્રંથો તો એમના પ્રતિભાસ્થંભ જેવા છે. પણ 'અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા' જેવા બત્રીસ શ્લોકના નાના સ્તુતિકાવ્યમાં પણ એમની પ્રતિભાના સ્ફુલિંગોનો સ્પર્શ થયા વિના રહેતો નથી. ગુજરાતની લૂખીસૂકી ભૂમિ પર હેમચંદ્રાચાર્યે આમ સરસ્વતીનો ધોધ વહેવડાવ્યો અને ભવિષ્યમાં ઉઘડનારી ગુજરાતી ભાષાનાં બીજને તત્કાલીન બોલાતી ભાષાના જલસિંચન સાથે જ્ઞાન, વિદ્વત્તા, શાસ્રીયતાનો પુટ ચઢાવ્યો એ મોટા સદ્‌ભાગ્યની વાત છે. મૈત્રકવંશનો રાજા ગુહસેન સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ–એમ ત્રણેય ભાષામાં રચના કરતો હતો તેવા ઉલ્લેખો સાંપડે છે. હેમચંદ્રાચાર્યના આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રણે ભાષામાં રચાયેલા ગ્રંથો તો મળે છે, પણ, એથીયે વિશેષ તેમણે આ ત્રણેય ભાષાના કોશ અને વ્યાકરણ રચીને અનન્ય અભ્યાસસાધન સુલભ કરી આપ્યું. આને પરીણામે જૈનેતર વિદ્વાનોમાં પણ હેમચંદ્રાચાર્યની કૃતિઓ આદર પામી. છંદશાસ્ત્રના ટીકાકાર હલાયુધ જેવા તો હેમચંદ્રાચાર્યની કૃતિઓના સીધેસીધા ગ્રંથસંદર્ભો જ ટાંકે છે,

સિદ્ધરાજનું શૌર્ય અને કુમારપાળની સંસ્કારપ્રિયતા હેમચંદ્રાચાર્યની સાધુતાની જ્યોતથી વધુ પ્રકાશિત બની. હેમચંદ્રાચાર્ય વિના સોલંકીયુગના સુવર્ણકાળના સીમાડા માત્ર પ્રજાની ભૌતિક સિદ્ધિ-સમૃદ્ધિ સુધી જ સીમિત રહેત. અને જ્ઞાન સંસ્કારના સમન્વયરૂપ શીલ વિકસ્યું હોત કે કેમ એ પ્રશ્ન છે. વિદ્યાનું તેજ રાજાઓની આંખમાં આંજીને પ્રજાજીવનના સર્વ ક્ષેત્રોને એ તેજથી પ્રકાશિત બતાવનાર સમર્થ સંસ્કૃતિપુરુષ તે હેમચંદ્રાચાર્ય. સાહિત્ય અને ઇતિહાસ, શાસ્ત્ર અને કળા, વ્યાકરણ અને તર્ક, ધર્મ અને વ્યવહાર, સાધુતા અને સરસતા તથા રાજા અને પ્રજા એમ વિભિન્ન સ્તરે સહજ સમન્વય સાધી બતાવનાર કીમિયાગર સંસ્કારશિલ્પી એટલે હેમચંદ્રાચાર્ય. આથી જ ધૂમકેતુ કહે છે—

"હેમચંદ્રાચાર્ય વિના ગુજરાતી ભાષાનો જન્મ કલ્પી શકાતો નથી; એમના વિના વર્ષો સુધી ગુજરાતને જાગૃત રાખનારી સંસ્કારિતા કલ્પી શકાતી નથી; અને એમના વિના ગુજરાતી પ્રજાનાં આજનાં ખાસ લક્ષણો–સમન્વય, વિવેક, અહિંસા, પ્રેમ, શુદ્ધ સદાચાર અને પ્રામાણિક વ્યવહાર પ્રણાલિકા કલ્પી શકાતાં નથી. હેમચંદ્રાચાર્ય માનવ તરીકે મહાન હતા; સાધુ તરીકે વધારે મહાન હતા; પણ સંસ્કારદષ્ટા તરીકે તો એ સૌથી વધારે મહાન હતા. એમણે જે સંસ્કાર રેડ્યા, એમણે જે ભાષા આપી, એમણે લોકોને જે રીતે બોલતાં કર્યા, એમણે જે સાહિત્ય આપ્યું—એ સઘળું આજના ગુજરાતની નસમાં હજી વહી રહ્યું છે, અને એટલે, એ મહાન ગુજરાતી તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધિ પામવા યોગ્ય પુરુષ છે."[૮]

હેમચંદ્રાચાર્યની વિપુલ અક્ષરપ્રવૃત્તિ સિદ્ધરાજ અને કુમારપાળના રાજ્યાશ્રયે થઇ હતી તેમ કહેવું તે કરતા તે પ્રવૃત્તિ બે રાજવીઓના શ્રેયાર્થે ચાલી હતી એમ કહેવું વિશેષ યોગ્ય છે. તેઓ બંને રાજવીઓના આદરપાત્ર માર્ગદર્શક અને સલાહકાર પણ હતા. સિદ્ધરાજની જ્ઞાનોપાસના અને કુમારપાળની સંસ્કારપ્રિયતાના તેઓ વિધાયક બન્યા હતા. રાજા વિક્રમ અને કવિ કાલિદાસ અથવા તો રાજા ભોજ અને કવિ ધનપાલ સાથે સિદ્ધરાજ–કુમારપાળ અને હેમચંદ્રાચાર્યની જોડીની સરખામણી કરવી યોગ્ય નથી. રાજા સાથેના એમના સંબંધની તુલના તો ઘણે અંશે સ્વામી રામદાસ અને છત્રપતિ શિવાજી સાથે થઇ શકે. (ક્રમશઃ)

## સંદર્ભસૂચિ


૧. 'હેમચંદ્રાચાર્યનું શિષ્યમંડળ' લે. ભોગીલાલ જ. સાંડેસરા, 'શ્રી હૈમ સારસ્વત સત્ર અહેવાલ અને નિબંધસંગ્રહ', પૃ. ૧૨૨.

૨. 'હેમચંદ્રાચાર્ય', લે. પં. બેચરદાસ દોશી, પૃ. ૧૧૦.

૩. 'શ્રી હેમચંદ્રાચાર્ય', લે. ધૂમકેતુ, તૃતીય આવૃત્તિ, પૃ. ૧૬૭.

૪. 'શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય', લે. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ, 'શ્રી હૈમ સારસ્વત સત્ર : અહેવાલ અને નિબંધસંગ્રહ', પૃ. ૭૪.

૫. 'શ્રી હેમચંદ્રાચાર્ય' લે. ધૂમકેતુ, તૃતીય આવૃત્તિ, પૃ. ૧૫૨.

૬. 'આચાર્ય હેમચંદ્રસૂરિ : તેમની સર્વગ્રાહી વિદ્વત્તા' લે. દિ. બા. કૃષ્ણલાલ મો. ઝવેરી, 'શ્રી હૈમ સારસ્વત સત્ર : અહેવાલ અને નિબંધસંગ્રહ', પૃ. ૨૦૩.

૭. 'શ્રી હૈમ સારસ્વત સત્ર : અહેવાલ અને નિબંધસંગ્રહ' પૃ. ૨૭.

૮. 'શ્રી હેમચંદ્રાચાર્ય' લે. ધૂમકેતુ, તૃતીય આવૃત્તિ, પૃ. ૭, ૮.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ સાહેબ

સંકલન: શ્રી હીરાલાલ બી. શાહ

ધંધુકામાં મોઢ વણિક જ્ઞાતિના ચાચિંગ નામના શેઠ રહેતા હતા. તેમની ધર્મપત્નીનું નામ પાહિની દેવી હતું. આજથી નવસો વર્ષ પૂર્વે વિ. સં. ૧૧૪૫ના કાર્તિક શુદિ પુનમને દિવસે તેઓને ત્યાં એક તેજસ્વી પુત્ર રત્નનો જન્મ થયો. તેનું નામ ચાંગદેવ પાડયું. એ વખતે ધંધુકામાં ભગવંત શ્રી દેવચંદ્રસૂરિ હતા. એક દિવસ પાંચેક વર્ષના ચાંગદેવને આંગળીએ વળગાડીને પાહિનીદેવી ગુરુ ભગવંતને વંદના કરવા ગઇ. ગુરુ ભગવંતના દર્શન કર્યા અને વંદના કરી. ચાંગદેવ આંગળીએથી છુટો થઇને ઉપાશ્રયના ખંડમાં આ જન્મયોગીની છટાથી ગુરુના આસન ઉપર બેસી ગયો. તે જોઇને માતા વિહવળ બની ગઇ. ગુરુ ભગવંતે ગંભીર અને શાંત વાણીમાં પાહિનીદેવીને કહ્યું કે તારા આ સરસ્વતી પુત્રને, કવિને, દૃષ્ટાને, યોગીને મને સોંપીને ધર્મના ચરણે મૂકી દે. બાળકના પિતાની ગેરહાજરીમાં પાહિનીદેવી વિહવળ બની ગઇ. પણ કંઇ ઇશ્વરી સંકેત હશે તેમ માનીને વધુ વિચાર કર્યા વિના ગુરુ ભગવંતના ચરણમાં બાળક ધરી દીધો. ગુરુ ભગવંતને નમન કરીને અને જનની ભાવને અંતરમાં સમાવીને બહાર નીકળી ગઇ. ધન્ય છે પાહિની દેવીને....!

ચાંગદેવને સાથે લઇને શ્રી દેવચંદ્રસૂરિ સ્તંભતીર્થ તરફ વિહાર કરી ગયા. ગુરુ ભગવંતે બાળક ચાંગદેવને શ્રાવક ઉદયન મહેતાને સોંપ્યો. એક દિવસ ચાંગદેવના પિતા ચાચિંગ ઘરે આવ્યા અને પાહિનીદેવીને પૂછયું કે ચાંગદેવ કયાં છે? પાહિનીદેવીએ ઉભા થઇને અત્યંત શાંત અને મધુર અવાજે કહ્યું કે મેં ચાંગદેવને ગુરુ ભગવંત શ્રી દેવચંદ્રસૂરિને સોંપી દીધો છે. તમે હવે સંમતિ આપો અને આપણો આ પુત્ર આખા ગુજરાતનો અને ભારતનો બની રહે એવો અભિલાષ સેવો. પુત્ર વાત્સલ્યથી પ્રેરાયેલો ચાચિંગ શ્રાવક ઉદયન મહેતાને મળ્યો.

સમાધાન પૂર્વક કામ લેવાની વૃત્તિવાળા શ્રી ઉદયન મહેતાએ પોતાની મહત્તાનો લેશ પણ ગર્વ કર્યા વિના ચાચિંગને માનપૂર્વક બેસાર્યો અને અન્ન ભોજનાદિથી સત્કાર કર્યો. શ્રી ઉદયન મહેતાએ ચાંગદેવને પોતાની આંગળીએ વળગાડીને ચાચિંગની પાસે લાવ્યો. તેના ખોળામાં તેના સંતાનને મૂકીને શ્રી ઉદયન મહેતાએ અત્યંત ગંભીરતાથી કહ્યું કે આ તમારો પુત્ર ચાંગદેવને આચાર્ય દેવચંદ્રસૂરિ પાસે રહેવા દેશો તો તે ગુજરાતને ધર્મધ્વજથી અંકિત કરી દિગંતવ્યાપી કીર્તિ મેળવશે. ચાચિંગ અનેક વ્યવહારિક ગડમથલો વચ્ચે નિશ્ચય-અનિશ્ચયની ભૂમિકા ઉપર આવ્યો. પણ છેવટે પોતાનો પુત્ર મહાન સાધુ થશે. દેશવિદેશમાં એનું નામ પ્રસિદ્ધ થશે અને તેની મંત્રશક્તિ વડે આકાશમાંથી મેઘધારા છૂટશે તેમ પોતાને લાગ્યું. તેથી પોતાના પુત્રને શ્રી ઉદયન મહેતા પાસે રહેવા દીધો. શ્રી ઉદયન મહેતાએ ચાચિંગને કહ્યું કે તમારા આ પુત્રને રત્નત્રયી-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો વારસો લેવા માટે ગુરુ ભગવંતના ચરણે ધરીને પુણ્ય સંપાદન કર્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુરુ ભગવંતે વિક્રમ સંવત ૧૧૫૪માં નવ વર્ષની બાલ્ય વયે ચાંગદેવને દીક્ષા આપી. તેનું નામ સોમચન્દ્ર પાડયું. મુનિ શ્રી સોમચન્દ્ર વ્યાકરણ, યોગ, કાવ્ય, ન્યાય, તત્ત્વજ્ઞાન, શબ્દશાસ્ત્ર, ઇતિહાસ, પુરાણ વિગેરે અનેક વિષયોમાં પ્રવીણ થયા. મુનિશ્રી સોમચન્દ્રમાં મહાન નવીન પ્રતિભા નિહાળીને, ગુરુ ભગવંતે વિ. સં. ૧૧૬૬ના વૈશાખ શુદિ ત્રીજને દિવસે શ્રી સંઘ સમક્ષ આચાર્ય પદવી અર્પણ કરી. તેઓશ્રી આચાર્યશ્રી હેમચન્દ્રાચાર્ય બને છે.

શ્રી સિદ્ધરાજ જયસિંહની કીર્તિ પાટણમાં પસરાયેલી હતી. તેઓશ્રી વિદ્વાન અને વિદ્યા રસીક હતા. રાજા સિદ્ધરાજ જયસિંહે શ્રી હેમચન્દ્રાચાર્યને રાજસભામાં હંમેશા આવવા વિનંતી કરી.

શ્રી હેમચંદ્રાચાર્યે પોતાના સમભાવ પૂર્ણ અસાંપ્રદાયિકતાના ઉદાત્ત ગુણને લીધે જૈનધર્માનુયાયી કવિ શ્રીપાલ અને વૈદિક ધર્માનુયાયી શ્રી દેવબોધિ જેવા પરસ્પર વીરોધીવિદ્વાનોને એકેય સાધી આપીને મૈત્રી કરાવી આપી હતી.

મહારાજા સિદ્ધરાજના અવસાન બાદ કુમારપાળ રાજાને ગુજરાતનું રાજ્ય સાંપડયું. કુમારપાળ રાજાએ શ્રી હેમચંદ્રાચાર્યને પોતાના ગુરુ અને રાજ્યગુરુ પદે સ્થાપ્યા. શ્રી ગુરુભગવંતના ઉપદેશથી શિષ્ય કુમારપાળ રાજાએ માંસત્યાગ, મદ્યત્યાગ, જુગાર ત્યાગ, શિકારત્યાગ, અને ધનલોભત્યાગ કર્યા. પોતાના રાજ્યમાં અમારિ ઘોષણા કરાવી. મુંગાં અને નિર્દોષ પ્રાણીઓનો નિરર્થક વધ અટકાવ્યો હતો. નિર્વંશ જનારનું ધન રાજભાગ તરીકે ન લેવાની આજ્ઞા કરી હતી. શ્રી કુમારપાળ રાજાએ 'અપરિમિત પરિગ્રહ ત્યાગ' અને ઇચ્છાપરિમાણ વ્રત સ્વીકારીને રાજ્યકોશની મદદવડે સામાન્ય દરિદ્રતાને દુર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

શ્રી હેમચંદ્રાચાર્યનું સમસ્ત જીવન એટલું સંયમી હતું કે ચોરાશી વર્ષની વૃદ્ધ વયે પોતે જુવાનના જેટલા ઉદ્યોગશીલ હતા. પોતાનો મરણ સમય એ અગાઉથી જાણી શકયા હતા.

પોતાનો કાળધર્મ નજીક આવ્યો ત્યારે તેમણે પોતાના શિષ્યોને, કુમારપાળ રાજાને, અને શ્રી સંઘને બોલાવીને વિનમ્રતાથી ક્ષમા યાચના કરી. સર્વે જીવોને ખમાવીને ચોરાશી વર્ષની વયે શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ સાહેબ વિ. સં. ૧૨૨૯માં કાલધર્મ પામ્યા. તેઓશ્રીને સંસ્કાર આપતી વખતે અશ્રુપૂર્ણ શ્રી કુમાળપાળ રાજાએ પોતાના ગુરુના અદ્રશ્ય આત્માને વંદના કરી.

## કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની મુખ્ય કૃતિઓ

**૧ સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસન :–**

સિદ્ધરાજે માળવા ઉપર વિજય મેળવ્યો ત્યારે ધારા નગરીના રાજા ભોજનો પુસ્તક ભંડાર પાટણમાં લાવવામાં આવ્યો, પાટણમાં લવાયેલા અનેક ગ્રંથોમાં ભોજરાજાનું "ભોજ વ્યાકરણ" નો ગ્રંથ હતો. એ જોઇને સિદ્ધરાજે પંડિતોને પૂછયું કે "આવા શાસ્ત્રોની રચના કરે એવા પંડિતો નથી ? આ સાંભળીને હાજર રહેલા સર્વ પંડિતોની નજર શ્રી હેમચંદ્રાચાર્ય તરફ વળી અને સિદ્ધરાજે એક નવિન વ્યાકણ રચવા શ્રી હેમચંદ્રાચાર્યને વિનંતી કરી. શ્રી હેમચંદ્રાચાર્યે વ્યાકરણ તૈયાર કરવાનું માથે લીધું કાશ્મીરમાંથી અને બીજા દેશોમાંથી વ્યાકરણો મંગાવ્યા થોડા સમયમાં શ્રી હેમચંદ્રાચાર્યે એક વિસ્તૃત અને સરલ "સિદ્ધ–હેમચંદ્ર શબ્દાનુ શાસન" નામનો અદ્વિતીય વ્યાકણ ગ્રંથ રચ્યો. જ્યારે રાજસભામાં પંડિતોની સમક્ષ એનું વાંચન થયું ત્યારે સર્વ પંડિતો મુગ્ધ બની ગયા. તેના આઠ અધ્યાય છે. સાત અધ્યાયમાં સંસ્કૃતનું અને આઠમાં અધ્યાયમાં પ્રાકૃત તથા અપભ્રંશનું વ્યાકરણ છે. આઠમો અધ્યાય સામાન્યતઃ "**પ્રાકૃત વ્યાકરણ**" તરીકે ઓળખાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨ "દ્વિ-આશ્રય" શ્રી હેમચંદ્રાચાર્યે બે મહાન કાવ્યો રચ્યાં એક સંસ્કૃત 'દ્વયાશ્રય' જેમાં મુલરાજ સોલંકીના સમયથી સિદ્ધરાજ જયસિંહના સમય સુધીનો ગુજરાતનો સળંગસૂત્ર ઇતિહાસ આવે છે. બીજું "પ્રાકૃત દ્વયાશ્રય" છે. જેમાં પ્રાકૃત અને અપભ્રંશ વ્યાકરણનાં સુત્રોના ઉદાહરણ સાથે રાજા કુમારપાલનું કાવ્યમય ચરિત્ર લખેલું છે.

૩ "કાવ્યાનુશાસન" હેમચંદ્રાચાર્યે કાવ્ય શાસ્ત્રનો મહાન શિક્ષાગ્રંથ તૈયાર કર્યો કાવ્ય રચના કાવ્યની સમજ અને કાવ્ય વિવેચન માટે છંદો રચવાનું જ્ઞાન આવશ્યક છે તેથી "છંદોનુશાસન" નામનો ગ્રંથ રચ્યો છે. સમગ્ર ભારતીય સાહિત્યમાં અદ્વિતીયગ્રંથો છે.

વ્યાકરણની સાથે કોશનો વિચાર થવો જોઇએ તેથી શ્રી હેમચંદ્રાચાર્યે ચાર કોશો રચ્યા છે ૧ "અભિધાન ચિંતામણિ" ૨ 'અનેકાર્થ સંગ્રહ' ૩ "નિઘંટુકોશ" ૪ "દેશીનામમાલા" આ ગ્રંથો ભારતીય ભાષાશાસ્ત્ર અને કોશ રચનાના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. "અભિધાન ચિન્તામણિ" માં એકજ અર્થના અનેક શબ્દો આપ્યા. "અનેકાર્થ સંગ્રહ" માં એક શબ્દના અનેક અર્થ આપ્યા "નિઘંટુકોશ" વનસ્પિતનાં નામનો સંગ્રહ છે. સંસ્કૃત ભાષાનાં અભિધાન કોશોનો પરિચિત ન હોય તેવા પ્રાકૃત-દેશી શબ્દોનો કોશને "દેશીનામમાલા" છે.

તર્ક અથવા પ્રમાણ શાસ્ત્રના અધ્યયનથી વિચારો વ્યવસ્થિત થાય અને સર્વ દર્શનોના અભ્યાસ માટે શ્રી હેમચંદ્રાચાર્યે "પ્રમાણ મીમાંસા" નામનો સૂત્ર શૈલીનો ગ્રંથ રચ્યો છે. એ ગ્રંથ અધૂરો છે. એક મહાન તાર્કિક તત્ત્વચિંતક તરીકે શ્રી હેમચંદ્રાચાર્યનો પૂરો પરિચય આપે છે.

૪ રાજા કુમારપાળની વિનંતીથી શ્રી હેમચંદ્રાચાર્યે એમને માટે "યોગશાસ્ત્ર" "ત્રિષષ્ટિશલાકા-પુરુષ ચરિત્ર" "વીતરાગસ્તોત્ર" "મહાદેવસ્તોત્ર" વિગેરે ગ્રંથો રચ્યા છે. "યોગશાસ્ત્ર" માં જૈનધર્મના ધ્યેય સાથે યોગની પ્રક્રિયા સાંધવાનો સમર્થ પ્રયત્ન છે. તે ગ્રંથનું ગુજરાતીમાં ભાષાંતર થયેલ છે. દરેક સામાન્ય વાંચકને સમજાય અને રસપ્રદ નીવડે એવો આ ગ્રંથ છે.

"ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર" આશરે ૩૬૦૦૦ શ્લોક પ્રમાણનો ૬૩ શલાકા પુરુષોના કથાઓનો કાવ્યમય આકર ગ્રંથ છે.

જેની અંદરદશ પર્વ (વિભાગ) છે. જેની અંદર ચોવીશ તીર્થંકર પરમાત્મા, બાર ચક્રવર્તી મહારાજા, નવ બળદેવ, નવ વાસુદેવ, અને નવ પ્રતિવાસુદેવ એમ થઇને ત્રેષઠ મહાપુરૂષોના જીવન ચરિત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે. તે ગ્રંથોનું ગુજરાતીમાં ભાષાંતર થયેલ છે. દરેક સામાન્ય વાંચકને સમજાય અને રસપ્રદ નીવડે એવો આ ગ્રંથ છે. આ આખું ચરિત્ર વાંચવાથી ચારે અનુયોગનો બોધ થાય છે. 'વીતરાગ-મહાદેવ-સ્તોત્ર' વીતરાગ પરમાત્મા પરત્વે ભક્તિ ઉત્પન્ન કરાવનાર, મહામંગલકારી વીતરાગદેવની સ્તુતિ રૂપે છે. કુમારપાળ રાજા પ્રાતઃ કાલમાં નિરંતર આ સ્તોત્રનો પાઠ કરી અન્ન-પાણી લેતા હતા. પ્રભુ ભક્તિનો અખૂટ ઝરો આ સ્તોત્ર-માંથી વહે છે. આ સ્તોત્રનું મૂળ સાથે સરળ ગુજરાતી ભાષાંતર થયેલ છે.

શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશથી અને તેના સહવાસના પરિણામે શ્રી કુમારપાળ રાજાએ પોતાના જીવનમાં જૈન ધર્મ અને તેના વિશુદ્ધ તત્વો એવા પચાવી લીધા હતા કે પોતાના રાજધર્મ અને વ્યવહારધર્મને હરકત ન આવે અને કોઇ સંપ્રદાયાંતરની લાગણી દૂભાય નહિ. શ્રી હેમચંદ્રાચાર્ય મહાન વિદ્વાન સાહિત્યકાર હતા. સંસ્કાર નિર્માતા મહાન સાધુ ભગવંત હતા, સમયધર્મી રાજનીતિજ્ઞ હતા, અને સૌથી વિશેષ અધ્યાત્મિક પંથના મહાન મુસાફર હતા.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ સાહેબને કોટી કોટી વંદના છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વિશ્વજ્યોતિર્ધરને ચરણે વંદન હો

લેખિકા : પ. પૂ. સાધ્વીજી શ્રી પૂર્ણભદ્રાશ્રીજી–ખંભાત

આજથી ૯૦૦ વર્ષ પૂર્વની વિક્રમની ૧૧૪૫ની એ સંવત! કાર્તિકી પુર્ણિમાનો એ પવિત્ર દિવસ. ધંધુકાની પુણ્યભૂમિમાં એક તેજસ્વી સિતારાનો ઉદય થયો. એ દિવસ પવિત્ર બની ગયો. ધરતી ધન્ય બની ગઇ. અને એ જીવ્યો ત્યાં સુધીનો સમય પણ ભવ્ય બની ગયો.

સંવત ૧૨૨૯માં કાળે એના પર વિજય મેળવ્યો. પણ હારમાંય એની જીત હતી. પોણી સદીના કાળ સુધીમાં એના પાવન પગલાં જ્યાં જ્યાં થયા ત્યાં ત્યાં પ્રકાશના પુંજ ફેલાયા. પિતા ચાચિંગનો લાડકવાયો નામ એનું ચાંગદેવ.

નાનપણથી જ પૂર્વજન્મના પુણ્યબળે એને સુસંસ્કારો સાંપડે છે. જગતભરના કલ્યાણ કાજે જૈનધર્મના સંસ્કારથી વાસીત થયેલી એની મા પાહિણી આ કુલ આચાર્યશ્રી દેવચન્દ્રસૂરિને અર્પણ કરે છે.

નવ વર્ષની બાલ્યવયે સંસારી મટી સાધુ બને છે. વિ. સં. ૧૧૫૪માં સ્તંભતીર્થમાં દિક્ષા લઇ ચાંગદેવમાંથી મુનિ સોમચન્દ્ર બને છે.

સંયમની સાધના એણે આદરી, જ્ઞાનની ધૂન લગાવી, યોગની અલખ જગાવી, અવરોધની એને પરવા નથી, તોફાનની એને ગણના નથી, બસ એકજ રટન છે. એકજ ધૂન છે. જ્ઞાનનું વિપુલ સર્જન અને સાધના પણ કેટકેટલી વિવિધતા ભરી! દર્શન પણ કેટલું ઊંડુ! પૂર્વજન્મના સુસંસ્કારથી તીવ્ર સ્મરણ શક્તિ અને ધારણા શક્તિના બળે ગુરૂકૃપાથી અલ્પકાળમાંજ સમર્થ વિદ્વાન બને છે. એ ઘણું લખે છે. પ્રત્યેક વિષયમાં એની રચના અનોખી ભાસે છે.

સંપૂર્ણ યોગ્યતા જોઇ ગુરૂમહારાજ સંઘ સમક્ષ વિ. સં. ૧૧૬૬માં નાગપુર–નાગોરમાં પ્રત્યન્તરે પાટણમાં–અક્ષયતૃતીયાના પવિત્ર દિવસે આચાર્ય-પદવી અર્પણ કરે છે. શ્રી હેમચંદ્રાચાર્ય બને છે. આ મહાપુરૂષની વિદ્વત્તાથી સિદ્ધરાજ જયસિંહ જેવો રાજવી પણ તેના પર મુગ્ધ હતો. સિદ્ધરાજની વિનંતિથી વિશ્વલોકોપકારને અર્થે શ્રી હેમચન્દ્રાચાર્યે શ્રી સિદ્ધહેમ નામના નૂતન વ્યાકરણની રચના કરી, તેઓશ્રીએ સાહાત્રણક્રોડ શ્લોક પ્રમાણ ગ્રન્થોની રચના કરી, શ્રી હેમચન્દ્રાચાર્યના સર્વોત્તમ જ્ઞાનથી પ્રસન્ન થઇ. ભારતવર્ષના વિદ્વાનોની અનુમતિથી શ્રી સિદ્ધરાજે તેમને કલિકાલસર્વજ્ઞનું બિરૂદ આપ્યું.

શ્રી સિદ્ધરાજના ભયથી નાસતા શ્રી કુમારપાળને શ્રી સ્તંભતીર્થમાં રક્ષણ આપ્યું. ત્યારથી કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય અને ગુર્જરેશ્વર કુમારપાળનો સમાગમ થયો. ગુજરાતના ઇતિહાસમાં આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિનું જીવન અને કવન અનોખું સ્થાન ધરાવે છે. તેમણે પ્રત્યેક વિષય પર લલિતપ્રવાહભર્યું સર્જન કરી ગુજરાતનું મુખ સદા ઉજ્વળ બનાવ્યું છે. શ્રી હેમચન્દ્રાચાર્યનું ઋણ કેવળ ગુજરાત અને જૈનસમાજ ઉપર છે એટલું જ નહિ. પરંતુ સમગ્ર ભારતવર્ષમાં તેમજ જૈનેતર સમાજ ઉપર પણ છે.

ખરેખર વિશ્વમાં મહાપુરુષોના જીવનના પ્રત્યેક પ્રસંગો પણ મહાન હોય છે.

વિ. સં. ૧૨૨૯ માં ૮૪ વર્ષની ઉંમરે જ્યારે એમણે પાટણમાં દુનિયાની અલવિદા લીધી. ત્યારે ગગનના તારલાઓએ પણ મુંગા આંસુ સાર્યા.

જેના મૃત્યુથી જનહૃદયને વેદના થાય છે. તેનું મૃત્યુ મંગલ ગણાય છે.

સાધના અને સિદ્ધિ સરલ નથી, તેમ અડગ નિશ્ચય આગળ તે અસાધ્ય પણ નથી.

આવા નિર્મળ રત્નત્રયીના સાધક વિશ્વજ્યોતિર્ધરને કોટી કોટી વંદન હો....



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કચ્છમાં યોજાયેલ જૈન સાહિત્ય અને સંસ્કારનું પર્વ

**બોંતેર જિનાલય, કચ્છ**

"કચ્છની ધીંગી ધરતીની સમગ્ર પ્રજા અને તેમાંય જૈન કચ્છી પ્રજા વ્યાપારકુશળ અને સાહસિક હોવા સાથે શ્રદ્ધાળુ, ધર્મપ્રેમી અને દાનવીર રહી છે. દાનેશ્વરીઓમાં જગડુશા, નરશી નાથા, વસનજી ત્રિકમજી અને ખેતશી ખીમશી પ્રસિદ્ધ છે. શ્રાવક ભીમશી માણેકે તો જૈન સાહિત્યની કૃતિઓને ભંડારોમાંથી શોધી તેમનું મુદ્રણ પ્રકાશન કરી, જૈન સાહિત્યની અનન્ય સેવા કરી છે." એમ મે. નવનીત પ્રકાશન કેન્દ્રના નિમંત્રણથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે અત્રે યોજાયેલ દસમાં જૈન સાહિત્ય સમારોહના પ્રમુખસ્થાનેથી જાણીતા તત્ત્વજ્ઞ અને લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના ડિરેકટર ડૉ. નગીનભાઇ જે. શાહે જણાવ્યું હતું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી સેવંતીલાલ કે. શાહે આ પ્રસંગે સૌનું સ્વાગત કર્યું. મેસર્સ નવનીત પ્રકાશન કેન્દ્ર વતી ડુંગરશીભાઇ ગાલાએ પણ સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

આચાર્યશ્રી ગુણોદયસાગરની નિશ્રામાં મળેલા આ સમારોહમાં પૂ. મુનિશ્રી પૂર્ણભદ્રસાગરજીએ જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિથી અત્યંત આનંદ વ્યકત કરી અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા.

સંયોજક ડૉ. શ્રી રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિ એક સ્વૈચ્છિક પ્રવૃત્તિ છે. પૂર્વસૂરિઓએ રચેલ ગ્રંથોનો આ નિમિત્તે સ્વાધ્યાય થાય એ આ પ્રવૃત્તિની ભૂમિકા છે.

પ્રારંભમાં બોંતેર જિનાલયના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વસનજી લખમજી શાહે સૌને આવકાર આપ્યો હતો, જ્યારે અચલગચ્છ જૈન સંઘના પ્રમુખશ્રી ગુલાબચંદ કે. શાહ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રીશ્રી હિંમતલાલ એસ. ગાંધી, ઇંદીરા કોંગ્રેસના અગ્રણી શ્રી જયકુમાર સંઘવી, પ્રિન્સ પ્લાસ્ટિકસવાળા શ્રી કિશોરભાઇ, શ્રી ચાંપશીભાઇ, પ્રા. તારાબહેન ર. શાહ અને કચ્છના કવિશ્રી માધવજી જાપા વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. અને સમારોહને સફળતા ઇચ્છી હતી.

આ સમારોહમાં કુલ ૨૫ નિબંધો રજૂ થયા હતા, જેમાં ઘાતી-અઘાતી કર્મ (શ્રી ઉષાબહેન મહેતા) કાયાની માયાના બંધન (શ્રી નટવરલાલ એસ. શાહ) શ્રાવકોના શ્રેષ્ઠ ધર્મદાન (પ્રા. મલુપચંદ આર. શાહ) પેટલાદના જૈન સમાજ (પ્રા. નલિનાક્ષ પંડયા) ભાવરત્ન મુનિ કૃત હરિબલરાસ – એક પરિચય (પ્રા. દેવબાલા સંઘવી) ષડદર્શન–સમુચ્ચય (શ્રી ગોવિંદજી લોડાયા) બાળદિક્ષા વિરૂદ્ધ એક રીટ–પીટીશન (ડૉ. રમેશ લાલન) સંલેખના–એક અદ્‌ભુત વિભાવના (શ્રી નેમચંદ ગાલા) કુમારપાળ સાહિત્ય (પ્રા. તારાબહેન ર. શાહ) લેશ્યા (પ્રા. સાવિત્રીબહેન ર. શાહ) હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્રમાં બ્રહ્મચર્યની વિભાવના (શ્રી પન્નાલાલ ર. શાહ) ધર્મની આવશ્યકતા (પ્રા. ઉત્પલાબહેન મોદી) જૈનો–ભારતીય જીવનમાં એમનું સ્થાન અને યોગદાન (શ્રી દેનશાભાઇ ખારશીયા) 'પ્રાર્થના' (શ્રી મોહનલાલ એમ. શાહ) 'કલાધર' સ્કોપ ઓફ ન્યુ ટકાનિકલ સાયન્ટિફિક રીસર્ચ એકસપાન્ડ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફ્રેમ જૈન પેઇન્ટીંગ્સ (શ્રી રાજેન્દ્ર સારાભાઇ નવાબ) શ્રાવક ભીમશી માણેક (પ્રા. ગુલાબ દેઢિયા) વિજ્ઞાન-પ્રયોગશાળાની બહાર (શ્રી સુધાબહેન પી. ઝવેરી) જૈનદર્શનમાં જ્ઞાનવિજ્ઞાન વિષે (ડૉ. કોકીલાબહેન શાહ) વસ્તુપાલ તેજપાલ રાસ વિગેરે (બળવંત જાની) ધર્મતત્ત્વપ્રસાર (શિવકુમાર જૈન) જૈનત્વના વીસા (હસમુખ શાહ) દિવ્ય ધ્વનિ (ડૉ. રમણલાલ ચી. શાહ) સદ્‌ગુરુને નિવેદન (શ્રી મૂળચંદભાઇ ગાલા) વગેરે....

સમારોહનું ઉદ્‌ઘાટન શ્રી અમરચંદભાઇ ગાલાએ કર્યું. વિદ્યાલય વતી આભારવિધિ શ્રી હિંમતભાઇ ગાંધીએ કરી હતી.

—પન્નાલાલ ર. શાહ

# અમ આંગણે કલ્પતરુ ફળ્યો રે

ભાવનગરને આંગણે આજે આનંદના આસોપાલવ બંધાયા છે. ઘર-ઘર તપનાં દીવડા જલ્યા છે. આનંદના આ અવસરીયા ભક્તિનું નજરાણું છે. શાસનદેવની અને ગુરૂદેવોની અસીમ કૃપાનું પુનિત પાથેય છે તો પછી ભાવનગરના આ ભક્તિઘેલા સંઘનું પરમ સૌભાગ્ય જ ગણાય ન.... કારણ કે જ્ઞાનનો યોગ, ભક્તિનો સંયોગ અને તેમાંય સોનામાં સુગંધ ભળે તેમ અહિં મળેલો તપનો પુણ્ય પ્રયોગ.... જે સંઘના લલાટે પરમ સૌભાગ્ય લખાયું હોય તેને જ સાંપડે ને....?

તપનાં ઉજમણાં—પ્રભુ પ્રતિષ્ઠાનો મહોત્સવ. અને તેમાં ભળ્યો પ્રવર્તક અને ગણિપદ પ્રદાનનો ભવ્ય ઉત્સવ....! ભાવનગર તો જાણે ભક્તિનગર બની ગયુ ...! વિશ્વભરના લોકોનું કેન્દ્ર સ્થાન....! જાણે પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતરી આવ્યું ...!

વિ. સં. ૨૦૪૫ કા. વ. ૫ તા. ૨૮-૧૧-૮૮ સોમવારના મંગલ દિવસે શાસન-દેવ-દેવીની પ્રાણ પ્રતિષ્ઠા તથા પુ. મુનિશ્રી સ્થૂલિભદ્ર વિજયજી મ. સાહેબ તથા પુ. મુનિશ્રી ચન્દ્રકીર્તિ મ. સાહેબને ગણિપદ તથા શ્રી કલ્યાણચન્દ્ર વિજયજી મ. સાહેબને પ્રવર્તક પદ પ્રદાન મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો. આ પ્રસંગે ૨૪ છોડનું ભવ્ય ઉજમણું થયું.

દાદાસાહેબના ધર્મનગરમાં મોક્ષમાળા પહેરવાં થનગની રહેલા ૧૫૦ ભવિજીવોને માળારોપણનો ભવ્ય મહોત્સવ તા. ૮-૧૨-૮૮ કા. વ. ૧૪ ને ગુરૂવારે ભવ્યતાથી ઉજવવામાં આવ્યો હતો.

ભાવનગરને આંગણે કંકુ પગલે પધારેલા શાસનદેવોની કૃપાથી ઉજવાતા જિનેન્દ્ર ભક્તિમહોત્સવો, તપનાં ઊજમણા, પદવી પ્રદાનનાં સમારંભો જોઇને આપણને કહેવાનું મન થાય કે—

અમ આંગણ કલ્પતરુ ફળ્યો રે,
સદ્‌ગુરૂનો સંગ મળ્યો રે....!

લેખિકા : કુમારી જ્યોતિ પી. શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બહિરાત્મ ભાવ

લેખક : રતિલાલ માણેકચંદ શાહ–નડીઆદ

જ્યારે આપણે આપણા સતસ્વરુપ આત્માને ભૂલીને, શરીરના ધર્મોને સાચા માની લઇએ છીએ અને તે પ્રમાણે વ્યવહાર ચલાવીએ છીએ ત્યારે અશાંતિ, દુઃખ, આકુળતા–વ્યાકુળતા, રાગ–દ્વેષ, વિષય–કષાયો, મોહ, માન, માયા, લોભાદિ રૂપ વાદળાં ઘેરાવા માંડે છે; માટે દેહાધ્યાસ છોડવા જેવો છે અને અનુભવ કરવા લાયક જો કાંઇ પણ હોય તો તે કેવળ આત્માજ છે. શરીરને ભૂલી જવું એટલે કે તેના પર લક્ષ ન આપવું અત્યંત આવશ્યક છે અને આત્મા તરફ લક્ષ રાખવું ઉત્કટ આવશ્યક છે. આપણને આત્મ–સ્વરુપ પર દૃઢ શ્રદ્ધા હોવી તેને જે સાચી શ્રદ્ધા કહી શકાય, દેહ તો જડ છે. જ્યારે આત્મા ચૈતન્ય સ્વરુપ છે, અતીન્દ્રીય આનંદનો ધણી છે. દેહ પર મમત્વભાવ રાખવાથી અહંમનો આવિષ્કાર થાય છે, તેથી મોહ, માન, માયા, લોભ, અહંમ્, ક્રોધ, વિષય–કષાયોનો આવિર્ભાવ થાય છે, આ બધા આપણને વિભાવ દશામાં અભિગમન કરાવે છે અને સ્વસ્વરૂપનો અનુભવ થવા દેતા નથી, તેથી તેને આપણા દુશ્મનો કહી શકાય, જે અધોગતિમાં અભિનિવેશ કરાવે છે. જેથી તેને બહિરાત્મા કહેવામાં આવે છે. જેથી પોતે હું સાક્ષીરૂપ અખંડ આનંદ–જ્ઞાન અને સુખમય આત્મા છું તે ભૂલી જાય છે અને પોતે કર્તા બની જાય છે, તેથી કર્મો ઉપાર્જન કરે છે. અને સંસારના વિષ ચક્રને ગતિ આપ્યાજ કરે છે.

બહિરાત્મા એ પાપરૂપ છે. અઢાર પાપસ્થાનક વિગેરે બહિરાત્મ ભાવમાં છે, તેથી તેને મિથ્યાદૃષ્ટિ ગણવામાં આવે છે, મિથ્યાત્વ એજ પાપનો બાપ છે. (પ્રત્યેક અનર્થનું મૂળ છે). તેના જેવો બીજો કોઇ આત્માનો ભાવ શત્રુ નથી. કોઇ પર પદાર્થો પોતાનાં નથી છતાં મિથ્યાત્વને કારણે તેમાં સ્વપણાનો ભાવ કરે છે. હે બંધુઓ! તમે જેને પોતાના ગણો છો, તે તો તમારા સુખમાં ભાગ પડાવનાર છે, દુઃખમાં કોઇ સહાયભૂત થઇ શકે તેમ નથી. સમજો કે તમે બિમાર પડ્યા અને દુઃખમાં અત્યંત રિબાવ છો, તે સમયે તમે દુઃખને વહેંચી શકતા નથી એટલે કે તે દુઃખનો બોજ બીજો કોઇ ઉપાડી શકતો નથી કારણ કે તે પર છે, સગા–વ્હાલા, કુટુંબિજનો, પરિવાર, સ્ત્રી, લક્ષ્મી આદિ તો દૂર રહ્યા પણ જે સંયોગ મળેલ (આત્માને) આ શરીર પણ આપણું નથી. જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધીજ તે સાથે રહે છે અને આયુષ્ય પૂર્ણ થયે તેને અહીં છોડીને ચાલી નીકળવું પડે છે, સાથે આવે છે કેવળ તેને માટે ઉપાર્જન કરેલ અનેક ચીકણા કર્મો જે અન્ય ભવોમાં રોતા રોતા ભોગવવા પડે છે. પ્રથમ આટલું સમજી લેવું અત્યંત આવશ્યક છે. આ બહિરાત્મભાવ છે.

મિથ્યાત્વને મહાપાપ એટલા માટે કહેવામાં આવ્યું છે કે, તે અસત્યને સત્ય સમજે છે અને તેના પર તીવ્ર પરિણામ રાખી તમે એવું માનતા હો છો કે, પરિગ્રહ એકઠો કરવા ગમે તેટલા પાપ આચરી શકાય. આપણી આ દૃષ્ટિ ત્યારે જ બદલાય કે જ્યારે સમકિત (સાચા જ્ઞાન) નો આવિષ્કાર થાય. જ્યાં સુધી આપણે સંસારમાં બેઠા છીએ, ત્યાં સુધી આપણી જવાબદારીઓ અદા કરવા પ્રયત્ન કરવો પડે આ એક જુદી વાત છે, સમ્યક્દૃષ્ટિને પણ આ કરવું પડતું હોય છે, પણ તેની દૃષ્ટિ સાચી હોવાથી તેમાં તેને તીવ્ર રસ પેદા થતો નથી. કરવા ખાતર ન છૂટકે કરે છે. તેમાં રાગ–દ્વેષ કરી લેપાતો નથી; જ્યારે મિથ્યાદૃષ્ટિ, બહિરાત્માવાળો માનવી સંસા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રિક પ્રવૃત્તિમાં પાગલ બની તેની પાછળ ચોવીસે કલાક રચ્યો પચ્યો રહેતો હોવાથી તીવ્રકર્મો ઉપાર્જન કરે છે. સમકિતી આત્મા અંતરથી ન્યારો હોય છે જ્યારે મિથ્યાદષ્ટિ અંતરથી લેપાયેલો હોય છે. તેથી જ તેને પુદ્‌ગલ ભાવ તરફ આકર્ષણ હોય છે. પૌદ્‌ગલિક ઉત્કંઠાઓ પર વિજય પ્રાપ્ત કરવો એના જેવો અન્ય કોઇ તપ નથી; સમ્યક્‌જ્ઞાનપૂર્વક જો તપ આચરવામાં આવે તો ઇચ્છા નિરોધ સ્હેજે થઇ જાય છે. પુદ્‌ગલ પ્રત્યેના ભાવને કારણે વિવિધ જાતની ઉત્કટ ઉત્કંઠાઓ આવિર્ભાવ પામે છે પરંતુ ઇચ્છાઓ પૂર્ણ થવી કે ન થવી તે તો કર્માધીન છે. પરંતુ અજ્ઞાન દશાને કારણે આપણે એવા ભાવો કરીએ છીએ કે જેથી અનંતા ચીકણા કર્મો બાંધીએ છીએ.

ચક્રવતીઓ પ્રકૃષ્ટ પુણ્યના ઉદયવાળા હોય છે; છતાં પણ ચક્રવર્તિ રાજાઓની પણ પ્રત્યેક એષણાઓ પરિપૂર્ણ થતી નથી. ભરત ચક્રવર્તીની પ્રબળ ઉત્કંઠા હતી કે બાહુબલીને હરાવુ., છતાં તેઓ હરાવી શકયા નહિ માટે ઇચ્છા એ જ દુઃખનું ફલ છે તેમ ફલિત થાય છે. એમ સમજી પૌદ્‌ગલિક ઇચ્છાઓને ઉત્પન્નજ ન થવા દેવી જોઇએ. એ સુખનો અમોઘ ઉપાય છે.

પુદ્‌ગલનો સ્વભાવ સડણ, પડણ અને ગલનનો છે. પુદ્‌ગલો સ્થિર રહી શકતા નથી કારણ કે તે પરિવર્તનશીલ ચલાયમાન અને વિનાશક છે. માટે જ તેના ભરોસે રહી શકાય નહિ, તે ક્યારે દગો દેશે તેનું કાંઇ કહી શકાય તેમ નથી. પુદ્‌ગલ જડ હોવા છતાં, આત્મા તેના તરફ મમત્વભાવ કરી સંસારમાં રખડી રહ્યો છે. પુદ્‌ગલ તરફના તીવ્ર રાગને કારણે, આત્મા અનંત શક્તિનો ધણી હોવા છતાં વિભાવ દશામાં આળોટતો, કાયર બનીને ચારગતિમાં આવન–જાવન કરી રહ્યો છે.

અંતરાત્મનું સ્વરુપ :– બધા સંયોગની સાથે જ્યારે આત્મા સાક્ષીભાવે રહે ત્યારે તેને અંતરાત્મદશા કહેવાય છે, અંતરાત્માની ભાવના અવિરતી સમ્યક્‌દષ્ટિ ગુણસ્થાનથી શરૂ થાય છે, અને બારમાં ક્ષીણ મોહ ગુણસ્થાનકમાં પૂર્ણ થાય છે. ત્યારબાદ તેરમા સયોગી ગુણસ્થાનમાં પરમાત્મ–દશાની પ્રાપ્તિ થાય છે. અંતરાત્મા એજ પરમાત્મા છે, અંતરદશા એ કાંઇ સામાન્ય વાત નથી. સંસારના કોઇ ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિ થાય કે હાની થાય તેનો શોચ અંતરાત્મવાળાને હોય નહિ. તે તો એ ચિંતવે કે આત્મા ! તું ઉદાસીન બનીને પારકી આશાનો ત્યાગ કરીને નિજ સ્વરૂપમાં રમણતા કર. ચિદાનંદઘન આત્માનો વૈભવ કાંઇ સામાન્ય નથી. પોતાના ગુણ સમુદાયનું અને તેના વૈભવનું ભાન તેણે ગુમાવી દીધું છે તેથી તે પર દ્રવ્યોમાંથી શાંતિ શોધે છે. છે પોતાનામાં અને તેને શોધે છે બહારમાં આ પણ એક આશ્ચર્ય જ છે ને ? આ બધું કરાવનાર મિથ્યાત્વ છે. માટે જ મિથ્યાત્વિને મહાપાપી કહ્યો છે.

## સાચું સ્વાતંત્ર્ય....!

આજ્ઞા અસ્વીકારવામાં અહંકાર છે અને આજ્ઞાપાલનના અધ્યવસાયમાં નમસ્કાર છે. તેથી નમસ્કાર એ ધર્મનું મૂળ છે.

જીવને મળેલ ઇચ્છા–સ્વાતંત્ર્યના અનર્થથી બચવા માટેનું એકનું એક સાધન નમસ્કારની પરિણતિ આજ્ઞાપાલનની રૂચી છે. ગુણવત્ પારતંત્ર્ય એ જ સ્વાતંત્ર્યનો સદુપાય છે.

સ્વાતંત્ર્ય કલ્યાણકારી નથી, પરંતુ સ્વાતંત્ર્યનો સદુપયોગ કલ્યાણકારી છે. સ્વાતંત્ર્યના યથાર્થ સદુપયોગથી સાચુ સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય છે.

અયોગ્યના બંધનમાંથી છૂટવા માટે યોગ્યનું બંધન, યોગ્ય પારતંત્ર્ય અનિવાર્ય છે. 'इदमत्र

(અનુસંધાન ટાઇટલ પેજ ૩ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનમ્ જયતિ શાશનમ્

લેખક : રમેશ લાલજી ગાલા — લાયજા મોટા

**અ**નાદિકાળથી આઠ કર્મો રૂપી મહાશત્રુઓથી ઘેરાયેલ આત્માને મુક્ત કરનાર અલૌકિક અને મહાપ્રભાવશાળી પર્વ જો હોય તો એક માત્ર પર્વાધિરાજ પર્યુષણ પર્વ. આ પર્વમાં ગ્રહણ કરવા યોગ્ય તપ છે અને છોડવા યોગ્ય જો હોય તો ક્રોધ છે. તપ કર્મનિર્જરા માટે હોય છે જ્યારે ક્રોધ આત્માને દુર્ગતિમાં ભટકાવે છે. અહિંસક જૈન ધર્મનો મહિમા જેમ અનંત છે તેમ લોકોત્તર પર્વોનું મહિમા પણ અનંત છે. શાસ્ત્રો કહે છે કે, આ પર્વો દરમિયાન સાધના ક્યારે પણ નિષ્ફળ જતી નથી. પણ આજે મોહમાયા પાછળ ઘેલા બનેલ આત્માઓને મળતી વસ્તુઓ પાછળ સંતોષ નથી એથી વધુને વધુ મેળવવા તલસે છે એના કારણે દિવસે દિવસે લોકો ધર્મ વિમુખ થઇ ભૌતિક વસ્તુઓ પાછળ દોડે છે.

આગળ જતા જે લોકો અનીતિના માર્ગે જઇ લક્ષ્મી મેળવવા ભોળા ભદ્રિક લોકોને ઠગશે. પણ શાસ્ત્ર વચનાનુસાર આપણે જો લાંબુ વિચારીએતો એ બધું અહીંને અહીં જ રહી જાય છે. ન પોતે ખાઇ શકે છે ન એમનો કુટુંબ પરિવાર. તો આ બધું શા માટે કરવાનું? જે વસ્તુ આપણને ફાયદાકારક નથી તે વસ્તુને તો છોડવી જ જોઇએ, પણ આજે નુકશાનકારક (પૈસા વગેરે) ને લોકો માન આપે છે અને ફાયદાકારક (ધર્મ વગેરે) ને દૂરથી છોડી દે છે એ કેટલું અજ્ઞાન કહેવાય છે? જ્ઞાનીભગવંતો કહે છે કે બીજાને છેતરવું, સીસામાં નાંખવું, પરેશાન કરવું વગેરે પ્રવૃત્તિ કરવાથી જે પાપ બંધાય છે, તે પાપ ભવોભવ સુધી આત્માને સંસારમાં દુઃખો જ આપે છે. એ આત્માની સદ્દગતિ ક્યારે પણ થતી નથી.

માણસ જો સંસારની ભૌતિક વસ્તુઓ પાછળ ઉપરથી મોહ ઘટાડી જિનેશ્વરે પ્રરૂપેલ ધર્મને અનુસરતો થઇ જાય તો જે અત્યારે દુઃખો ભોગવી રહ્યો છે તે કદાચ ન ભોગવે. દુઃખોથી છૂટકારો કરાવનાર એક માત્ર જો સાધન હોય તો ધર્મ છે. શાસ્ત્રકારો કહે છે કે ધર્મ સુખ આપે છે, શાંતિ આપે છે, અનુકુળતા આપે છે અને ધર્મ આત્માને પરમાત્મા પણ બનાવે છે. માટે ક્ષણે ક્ષણે ધર્મનો આશ્રય લેવો જોઇએ. જૈન આગમમાં કહ્યું છે કે જે બધી ઇન્દ્રિયો ઉપર વિજય મેળવે તેને જૈન અથવા જિનેશ્વરના વચનાનુસાર નિયમો પાળી આત્માનું કલ્યાણ કરે તે સાચો જૈન પછી ગમે તે જાતિ કે વંશોનો હોય.

જૈન આગમમાં કહ્યું છે કે આ પર્યુષણના દિવસોમાં સૌથી પ્રથમ કર્તવ્ય પ્રભુની ભક્તિ. મુર્તિપૂજાને માનનાર પ્રભુનો ભક્ત દેરાસરમાં પ્રવેશ કર્યા પછી પ્રભુની પૂજા અને ભક્તિમાં એવો લીન બની જાય છે કે, એને આસપાસના વાતાવરણનું પણ ભાન રહેતું નથી. અનુભવીઓ કહે છે કે ત્યારે એ ભક્તને દુનિયાની બધી (વસ્તુઓ) ભૌતિક સામગ્રી અર્પણ કરવામાં આવે તો પણ તુલનામાં પ્રભુ ભક્તિની પરમ સુખ–શાંતિ વધી જાય છે. અને જેને આ પ્રભુ ભક્તિનો આનંદ છે તેનો બેડો પાર છે. કારણ તેમાં 'ભાવ' ની જ માત્રા અતિ ઉચ્ચ અને સ્વાર્થ રહિત હોય છે. શાસ્ત્રકારો કહે છે કે ઉત્તમ ભાવનાથી કેવળજ્ઞાન સુધી પહોંચી શકાય છે. મરૂદેવી માતાને જ જોઇ લો. પોતાના પુત્રના વિયોગથી અંધ થયેલા પુત્ર (આદિનાથ) ને મળવા પૌત્ર ભરત મહારાજાની સાથે હાથીની અંબાડી ઉપર બેસી જાય છે ત્યાં દૂરથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(આદિનાથ) પોતાના પુત્રની પાસે રિદ્ધિ સિદ્ધિ જુએ છે અને સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને ભાવનાની ચરમ સીમાએ પહોંચતાની સાથે સંસારી હોવા છતાં કેવળજ્ઞાની થાય છે. ભગવાન આદિનાથ મોક્ષમાં જાય તે પહેલા માતા મરૂદેવી મોક્ષગામી બને છે. મનના "ભાવ" નો મહિમા કેટલો મહાન છે તેનો ખ્યાલ આ મરૂદેવીમાતાના જીવન કવન ઉપરથી સમજાય છે.

આપણા છેલ્લા ભગવાન મહાવીર દેવથયા તેમનું જીવન ચરિત્ર દર વર્ષે આ પવિત્ર પર્વ દરમિયાન આપણે સાંભળીએ છીએ. તેમણે પોતાના જીવન દરમિયાન અનેક પરિષહો–કષ્ટો–દુઃખો સહન કરી આપણને સદ્બોધ આપ્યો. એ બોધ થકી આપણે આ પર્વ દરમિયાન એવી ભાવના ભાવીએ કે હે ભગવાન....! અમને પણ દુઃખ સહન કરવાની શકિત આપ અને જેમ તમે તેમ અમે પણ સિદ્ધ અવસ્થાને પામીએ. અથવા કર્મ રહિત થઇ મોક્ષ-નગરીમાં રહીએ.

ભગવાન મહાવીર દેવ દાનના મહિમાને વર્ણન કરતાં કહ્યું છે કે દાન દેવા ખાતર દાન નહિં દેવાનું દાન તો ફરજ સમજીને આપવાનું હોય, મનની ઉંચી લાગણી સાથે દાન દેવાનું. કિર્તિ કે નામના માટે નહિં દેવાનું. પોતાના કે પોતાના સગા વાલાની તકતી લગાવવા માટે પણ દાન નહિં દેવાનું. પાપથી કમાયેલ લક્ષ્મી પાપને ઢાંકવા માટે પણ દાન નહિં દેવાનું. બીજા ઉપર ઉપકાર કરવા માટે પણ નહિં. દાન સ્વીકારનાર પાસેથી કશો ગેરલાભ ઉઠાવવા માટે કે કામ કઢાવી લેવા માટે દાન ન આપવું. દાન તો કેવળ શુદ્ધ બુદ્ધિથી, શુભ વિચારોથી, સ્વપર કલ્યાણ માટે અને તીર્થ કે કોઇ ધાર્મિક સંસ્થાના ઉદ્ધાર માટે દાન કરવું જોઇએ. અને ખરેખર એ જ વ્યકિત સાચો દાની ગણાય છે.

જૈન શાસ્ત્રમાં ક્ષમાને મહત્વ આપતાં પૂર્વાચાર્યો–જ્ઞાની ભગવંતો કહે છે કે આ પર્વ દરમિયાન તપ–જપ–ક્રિયાકાંડ કરતાં પણ ક્ષમા રાખવી એ વધારે ઉચિત છે. કારણ ક્ષમા થકી જીવમાત્રને જીતી શકાય છે. ક્ષમાએ મોટામાં મોટી સાધના છે. ક્ષમા વિનાની સાધના વખાણવા લાયક નથી. જેની પાસે તપ–જપ અને સંયમ છે પણ હૃદયમાં 'ક્ષમા' ની ખામી છે તો શાસ્ત્રકારો કહે છે કે એ મહા આરાધક હોવા છતાં વિરાધક છે. કહે છે કે, ક્ષમાનો પાયો જેટલો ઊંડો તેટલા સાધનાના મૂળ મજબૂત. ક્ષમા એ મોક્ષપુરીમાં પહોંચાડવા માટે નિસરણી સમાન છે. માટે આપણે સૌ ક્ષમા સહિત આરાધના કરી ભગવાન મહાવીર દેવના માર્ગને અનુસરીએ એ જ જૈન શાસનનો સાર છે.

---

(અનુસંધાન પાના નંબર ૩૫નું ચાલુ)

**धर्म गुह्यम्**' તેથી મહાપુરૂષોએ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય 'આજ્ઞા' ને કહેલ છે. બીજા શબ્દોમાં યોગ્યને નમસ્કાર કહેલ છે. અને તેનું જ નામ ગુણવત્ પારતંત્ર્ય છે.

ગુણવત્–પારતંત્ર્ય એ મુકિતનો ઉપાય છે, તેથી નમસ્કાર એ મોક્ષનું બીજ છે. શ્રી અરિહંત પરમાત્માના નમસ્કારમાં તેઓશ્રીની આજ્ઞાને નમસ્કાર છે. આજ્ઞા જ તારનારી છે. તેથી તેને 'તીર્થ' પણ કહે છે. આજ્ઞા જ તારનારી છે, તેનો ભાવાર્થ એ કે આજ્ઞા સાપેક્ષ આરાધના જ તારનારી છે.

ગુરૂની આજ્ઞા પણ શ્રી તીર્થંકર દેવોની આજ્ઞાના આરાધન માટે છે.

ગુરૂ તે છે, જે શ્રી તીર્થંકર દેવોની આજ્ઞાને ત્રિવિધે સમર્પિત થઇને નિરવદ્ય જીવન જીવે છે, પચાચારનું પાલન કરે છે, અષ્ટ પ્રવચન માતાનું રૂડી રીતે જતન કરે છે.

માતપિતાદિ વડિલોની આજ્ઞા પણ પરમાત્માની આજ્ઞાને કારણે માનવાની છે.

લે. —પૂ. શ્રી ભદ્રંકરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. G. BV. 31

## મુક્તક

(૧)

બાંદલસે બાતેં કરતા, ઊંચા ગઢ ગિરનાર,
પાવન હો કર ઝુમ ઉઠા, જબ આએ નેમકુમાર.
રાજુલ ભી આઈ સાથ મેં, છોડકર સંસાર,
અમર કહાની પ્રેમકી ગા રહા હૈ, ગિરનાર.

(૨)

આદમ કી પહચાન સૂરત નહીં,
ઉસકે સદ્વ્યવહારસે હૈ.
શસ્ત્ર કી પહચાન ચમક નહીં,
ઉસકી તેજ ધારસે હૈ
તુમ માનો ન માનો મેરી બાત
પર સચ્ચાઈ યહ હૈ.
ધર્મકી પહચાન ક્રિયા નહીં,
હૃદય કે વિસ્તારમેં હૈ.

(૩)

રોશની કે રંગ જુદા જુદા, મગર આફતાબ તો એક હૈ,
ફૂલોંકે રંગ જુદા જુદા, મગર ઉધાન તો એક હૈ.
ક્રિયાકાણ્ડ, પહનાવ કે ભેદ તો, માત્ર બાહરકે ચિહ્ન હૈ.
સંપ્રદાય હો ભલે જુદા જુદા, પર જૈનત્વ તો એક હૈ.

સંકલન : જયશ્રી પારસ બોથરા, અહમદનગર
(શ્રી અમર ભારતીમાંથી ઉદ્ધૃત)

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only